
ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના ગામડા કે શહેરમાં પાકી દિવાલોમાં વસવાટનુ પ્રમાણ વધુ

ગાંધીનગરના શહેરી અને ગ્રામીણ સેન્સસના આંકડાઓ એવું દર્શાવે છે કે રહેવાસીઓના આવાસમાં પાકી છતની 'અછત' વધુ વર્તાય છે પરંતુ જ્યારે આ જ કાચી-પાકી છતનો સંદર્ભ દિવાલની બાબતમાં ચકાસીએ તો એમ જણાય છે કે ગુજરાતની સરખામણીએ ગાંધીનગરની સ્થિતિ ખૂબ સારી છે.

સેન્સર ૨૦૧૧, ગુજરાત શ્રૃંખલા-૨૫ અનુસાર ગુજરાતમાં કુલ ૧,૨૧,૮૧૭૧૮ પરિવારો પૈકી ૬૫ ટકા પરિવારો પાકી ઈંટ-ક્રોન્ક્રીટની દિવાલો વચ્ચે રહે છે. જ્યારે ગાંધીનગરનો સેન્સસ જોઈએ તો ગુજરાતની ટકાવારી કરતા ૧૨ ટકા વધુ પરિવારો પાકી ઈંટ-સિમેન્ટ ક્રોન્ક્રીટની દિવાલોમાં રહે છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારની વાત કરીએ તો કુલ ૬૭,૬૫,૪૦૩ પરિવારો પૈકીના ૫૦ ટકાથી વધુ પરિવારો પાકી દિવાલની વચ્ચે આશરો લે છે જ્યારે ગાંધીનગર




**ગાંધીનગરની બહુ ઓછી નજરે ચડેલી ઓળખ આવાસોની પાક્કી દિવાલ પણ છે**

ગ્રામીણ વિસ્તારમાં કુલ ૧,૬૦,૪૬૦ પરિવારો પૈકી ૬૯ ટકા પરિવારો પાકી દિવાલની વચ્ચે રહી શકે છે. જ્યારે શહેરી ગુજરાતની સ્થિતિ જોઈએ ૫૪,૧૬,૩૧૫ પરિવારો એટલે કે ૮૦ ટકા પરિવારો પાકી ઈંટ-ક્રોન્ક્રીટની દિવાલ આવાસમાં ધરાવે છે જ્યારે ગાંધીનગરના શહેરી વિસ્તારોની વાત જોઈએ તો ૧,૨૬,૭૪૦ શહેરી ગાંધીનગરાઓ પૈકી ૮૭ ટકા પરિવારો પાકી દિવાલની ભૌતિક સુવિધા સાથેના મકાનની સવલત ધરાવે છે.

ગાંધીનગરમાં આ દષ્ટિએ એક બાબત ઉડીને આંખે વળગે એવી એ પણ દર્શાવી શકાય કે પાકી દિવાલોની બાબતમાં ગાંધીનગર ગુજરાત ઘણું આગળ છે. એમ કહો કે ગુજરાતની સરખામણીએ ગાંધીનગર ખાસું આગળ છે. ગાંધીનગરની આ એક ઉજળી બાજુ છે. હિન્દીમાં એક કહેવત છે 'દિવારોં કો ભી કાન હોતે હૈ' એને જો આપણે યાદ કરીએ તો એમ કહી શકાય કે 'દિવારોં કે કાન હોતે હૈ યા નહીં વો તો પતા નહીં પર ગાંધીનગર કા ગાંવ હો યો શહર આવાસો કી દિવાર પક્કી હોતી હૈ ! ગાંધીનગરની ઓળખ માટે અનેક બાબતો છે. પણ પાકી દિવાલના સૌથી વધુ આવાસો ગાંધીનગરમાં છે એ આપણા માટે આનંદદાયક વાત છે.

દરેક નાગરિકનું એક સપનું હોય છે, 'મારે પણ એક ઘર હોય' - આ પોતાના ઘરની સાથે સરકારશ્રી જો પાકુ ઘર-પાકી છત અને દિવાલનું ઘર જ હોય એવો સેવા હેતુ સામેલ કરી દે તો આગામી ૨૦૨૧ પહેલા સમગ્ર ગુજરાતમાં ગાંધીનગર એક એવું શહેર બની શકે કે તેનો શહેરી હોય કે ગ્રામીણ ગાંધીનગરી પાકો દિવાલને પાકી છત નીચે શાંત-સલામત અને સુરક્ષિત રીતે જીવન જીવી શકે. ૧૦૦ ટકા પાકા મકાનનો લક્ષ્યાંક પ્રાપ્તિ કરવો બહુ મુશ્કેલ નથી. કારણ કે ગાંધીનગરના અંદાજે ૭ હજાર પરિવારો જ ઘાસ-પાંદડા, કાચી ઈંટ ધાતુના પતરા, ગારાની દિવાલો વચ્ચે રહે છે. ૧૦૦ ટકા સિદ્ધિનો લક્ષ્યાંક થોડો અઘરો જરૂર લાગે પરંતુ અશક્ય નથી. વહિવટી તંત્રએ આ દિશામાં વિચારવાની જરૂરીયાત ખરી કે નહીં ?

**(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)**



સમૂહ જનોઈ બદલવાની વિધિ : સમસ્ત બ્રહ્મ સમાજ આયોજિત સમૂહ જનોઈ બદલવાના કાર્યક્રમમાં ભૂદેવો વહેલી સવારે બ્રહ્મ ભવન પહોંચ્યા હતા. મંત્રોચ્ચાર અને સામૂહિક પૂજન - અર્ચન બાદ સૌ ભૂદેવોએ નવી જનોઈ ધારણ કરી હતી.

# જિલ્લામાં પંચાયતોના ઓડિટ પૂર્ણ ન થતાં નાણાંપંચની પરફોમન્સ ગ્રાન્ટની દરખાસ્ત અટવાઈ

ગાંધીનગર, તા. ૨૬

૧૪મા નાણાંપંચની પરફોમન્સ ગ્રાન્ટ મેળવવા માટેની દરખાસ્ત જિલ્લામાં હજુ તૈયાર થઈ ન હોવાથી તે રાજ્ય સરકારને મોકલવામાં આવી નથી અને તેની ગંભીર નોંધ સરકાર દ્વારા લેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજ્યના વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૭-૧૮ના વર્ષમાં પંચાયતોની આવક અંગેનું ઓડિટ જે લોકલ ફંડની કચેરી દ્વારા કરવામાં આવે છે તે બાકી હોવાથી આવી સ્થિતિનું નિર્માણ થયુ છે. વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા આ અંગે તાજેતરમાં કરાયેલ સમીક્ષા પછી જિલ્લાતંત્રને એક પત્ર પાઠવવામાં આવ્યો હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

પરફોમન્સ ગ્રાન્ટ અંગે માત્ર ઓડિટ રિપોર્ટ જ નહિ પણ આ બાબતે ખાસ નિયત કરાયેલ માર્કિંગ સિસ્ટમ મુજબ ગુણાંકન સાથેની દરખાસ્ત કરવાની રહે છે. આ બાબતે હવે તંત્ર જો ગંભીર નહિ બને તો ગ્રામ પંચાયતોની દરખાસ્ત ભારત સરકારને ઓક્ટો.ના અંત સુધીમાં મોકલી આપવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૬-૧૭માં ૨૦૦ જેટલી પંચાયતોને પરફોમન્સ ગ્રાન્ટ મળી હતી.

૧૪મા નાણાં પંચનું આ અંતિમ વર્ષ છે અને તેનો પ્રથમ હપ્તો આવી ગયો છે પરંતુ પરફોમન્સ ગ્રાન્ટનો હપ્તો પણ ઓક્ટો. કે નવેમ્બરમાં ચુકવવામાં આવે તેવી શક્યતાઓને પગલે આ તાકીદ વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા કરવામાં આવી છે.

# રાજ્યના ૭ જિલ્લાની ૮ પંચાયતોને રોલ મોડેલ તરીકે ડેવલપ કરવામાં આવશે

**કલોલની જાસપુર ગ્રામ પંચાયતનો કરાયેલો સમાવેશ, આ પંચાયતોમાં વિઝીટીંગ સેન્ટર માટે પાંચ લાખની સહાય**

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યના ૭ જિલ્લાની ૮ ગ્રામપંચાયતોમાં મહાનુભાવો માટે ખાસ વિઝીટીંગ સેન્ટર બનાવવામાં આવશે. જેમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના જાસપુર ગામનો સમાવેશ થાય છે.

રાજ્યના પંચાયત વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર સાબરકાંઠામાં પુંસરી, વડોદરામાં જાવલા, આણંદમાં રાસ, નવસારીમાં નાનીભમતી તેમજ જામલિયા, સુરત જિલ્લામાં કરચેલીયા અને રાજકોટમાં રાજસમઢીયાળા ગામનો સમાવેશ થાય છે.

પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે ભારત સરકારની જુદી જુદી યોજનાઓમાં એવોર્ડ પ્રાપ્ત કરનાર આ પંચાયતોમાં વિઝીટીંગ સેન્ટર બનાવવા માટે હાલ રૂ. ૪૦ લાખ અર્થાત પંચાયત દીઠ રૂ. પાંચ લાખ ફાળવી દેવામાં આવ્યા છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ પંચાયતોને રોલ મોડેલ તરીકે

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લામાં વિકાસના કામો વહીવટી મંજૂરીમાં જ અટવાઈ પડ્યા છે

**ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી ૩૭ ટકા કામોને જ વહીવટીય મંજૂરી તો એ.ટી.વી.ટી.માં ૩૦ ટકા કામોને જ મંજૂરી**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં વિકાસના અટકેલા કામો અંગેની ગંભીર નોંધ રાજ્યના આયોજન વિભાગે લઈ જિલ્લા કલેક્ટરને એક પત્ર પાઠવી આ બાબતે કડક તાકીદ કરી હોવાની વાત બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૮-૧૯ માટે વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ અને એ.ટી.વી.ટી. હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિકાસના કામો માટે જિલ્લાને રૂ. ૧૨૧૭ કરોડ જેટલી ગ્રાન્ટની ફાળવણી કરી છે.

સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જિલ્લાઓમાં આ વિકાસના કામો અંગે તાજેતરમાં કરાયેલ સમીક્ષામાં ગાંધીનગર જિલ્લામાં નબળી કામગીરીને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે એ.ટી.વી.ટી. યોજનામાં ૧૦૦ ટકા વહીવટી મંજૂરીના લક્ષ્યાંક સામે ઓગષ્ટ સુધીમાં ૮૨.૫૦ ટકા સૈદ્ધાંતિક મંજૂરી સામે માત્ર ૩૦.૭૧ ટકા જ વહીવટીય મંજૂરીઓ આપવામાં આવેલી છે.

આજ પ્રમાણે ધારાસભ્યોના વિસ્તાર વિકાસ માટેની ગ્રાન્ટમાંથી માત્ર ૩૭.૦૪ ટકા જ વહીવટીય મંજૂરી આપવામાં આવી છે.

આ ઉપરાંત જિલ્લા આયોજન મંડળ હેઠળ વિવેકાધીન યોજનામાં ૬૫.૨૬ ટકા, પ્રોત્સાહન યોજનામાં ૬૮.૪૮ ટકા અને ભૌગોલિક પછાત વિસ્તાર

● અનુસંધાન પાના - ૭ પર

# સાતમ-આઠમના તહેવારોને અનુલક્ષી વધારાની વીસથી વધુ બસો દોડાવાશે

**સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના શહેરોમાં વધારાની બસો મુસાફરોને ધ્યાને લઇ રૂટમાં મુકાશે**

ગાંધીનગર તા ૨૬

તહેવારોને ધ્યાને લઈ ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા રક્ષાબંધનથી નોમના પર્વ દરમિયાન કરવામાં આવે છે. જયારે તહેવારના દિવસોમાં પણ વિવિધ રૂટમાં રહેતા ટ્રાફિકને ધ્યાને લઈ વધારાની બસો દોડાવવા માટે નોમના પર્વ દરમિયાન સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતના વિવિધ શહેરોમાં વધારાની ૨૦ જેટલી બસો દોડાવાશે. ગાંધીનગર એસ



વિવિધ રૂટોમાં વધારાની એસ ટી બસો દોડાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં દાહોદ , ગોધરા ઉપરાંત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈ નવી બસો દોડાવાશે. એસ ટી ડેપો દ્વારા વધારાની ૨૦ બસો દોડાવાશે.

ગાંધીનગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં આડા દિવસોમાં પણ બહારગામથી આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. જેના પરિણામે એસ ટી ના રૂટમાં પણ માંગણી મુજબની નવી બસો શરૂ કરવા માટે આયોજન કરવામાં આવે છે.હોળી ધુળેટીના પર્વની જેમ રક્ષાબંધન અને સાતમ આઠમના તહેવારોમાં પણ વધારાની બસો દોડવાનુ આયોજન કરવામાં આવે છે. તહેવારોના દિવસોમાં ગાંધીનગરથી સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં જતા મુસાફરોની સંખ્યા વિશેષ હોય છે. જયારે ગોધરા અને દાહોદ રૂટમાં પણ મુસાફરોની અવરજવર વધુ રહે છે. જેને ધ્યાને લઈ એસ ટી તંત્ર દ્વારા વધારાની બસો દોડાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ વર્ષે પણ રક્ષાબંધનથી આગામી ટી ડેપો દ્વારા મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈ તે મુજબ બસો દોડાવાશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં તહેવારોના દિવસોમાં મુસાફરોની વિશેષ ભીડ જોવા મળે છે.જયારે ડેપો સંકુલમાં સલામતીનો મુદ્દો રામભરોસે છે. તેવા સંજોગોમાં આડા દિવસોમાં પણ પીક પોકેટીંગ અને અન્ય ચોરીના કિસ્સાઓ બને છે. ત્યારે તહેવારના દિવસોમાં ડેપો સંકુલમાં મુસાફરો તસ્કરી વૃતિનો ભોગ ન બને તે માટે વિશેષ તકેદારી રાખવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# હાર્દિક પટેલને રાખડી બાંધવા બહેનો પહોંચી

**હાર્દિકના ઉપવાસને ટેકો આપવા મમતાના પ્રતિનિધિ પણ રાખડી સાથે પહોંચ્યા અન્ય મોટા પક્ષોના નેતા પહોંચી શકે છે : હાર્દિકના બ્લડપ્રેશર, સુગર નોર્મલ**

અમદાવાદ, તા.૨૬

પાટીદારોને અનામત અને ખેડૂતોની દેવામાફીની માંગણી સાથે આમરણાંત ઉપવાસનો આજે બીજો દિવસ હતો અને આજે રવિવારની સાથે સાથે રક્ષાબંધનનો



ગઈકાલથી ઉપવાસ પર ઉતરેલા પાસના કન્વીનર અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલના પવિત્ર તહેવાર પાટીદાર સમાજ સહિતની બહેનો ખૂબ મોટી સંખ્યામાં પોતાના વ્હાલસોયા ભાઈ હાર્દિક પટેલને રાખડી બાંધવા માટે ઉમટી હતી. હાર્દિકના નિવાસસ્થાને ખૂબ મોટી સંખ્યામાં ઉમટેલી બહેનોએ હાર્દિકને માથે તિલક કરી, આરતી ઉતારી તેને ભારે હેત સાથે રાખડી બાંધી હતી અને તેને હૃદયપૂર્વકના આશીર્વાદ આપ્યા હતા. હાર્દિકની બહેન મોનીકા પટેલે પોતાના વ્હાલસોયા ભાઈ હાર્દિકને પ્રેમપૂર્વક રાખડી બાંધી હતી અને જયાં સુધી પાટીદારોને અનામત ના મળે તેમ જ રાજયના ખેડૂતોની દેવામાફી ના થાય ત્યાં સુધી તેના ભાઈને લડવાની ભગવાન શકિત આપે તેવી પ્રભુને પ્રાર્થના કરી હતી. હાર્દિકના નિવાસસ્થાન ખાતેના ઉપવાસ સ્થળે આજે એક તબક્કે

● અનુસંધાન પાના - ૭ પર

# વિવિધ વર્ગોની બહેનોએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધી

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આજે રક્ષાબંધન પર્વે સમાજના વિવિધ વર્ગોની બહેનો માતાઓએ રાખડી બાંધી સુશાસનના આશિષ અને શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીએ પણ માતૃશક્તિના આશીર્વાદથી ગુજરાતની સર્વાંગી પ્રગતિ વિકાસ યાત્રા સતત આગળ ધપતી રહી છે તેમ બહેનો-માતાઓનો રક્ષાબંધન માટે આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું. આ



માતૃશક્તિના આશીર્વાદથી રાજ્યની વિકાસ ગાથા ઓર ગતિમાન બનશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

રક્ષાબંધનના પર્વે આજે સવારથી જ મુખ્યમંત્રી નિવાસ સ્થાને સમાજના વિવિધ વર્ગોની બહેનો, ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચાના પદાધિકારીઓ અને કાર્યકરો, પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ બહેનો, લઘુમતી સમાજની બહેનો સહિત વિશાળ સંખ્યામાં બહેનોએ ઉમંગ ભેર ઉપસ્થિત રહી વિજયભાઈને રાખડી બાંધી હતી.

# જિલ્લામાં ૩૮૯૮ કુપોષિત બાળકો અને ૨૭,૬૯૨ બાળકો ઠીંગણા મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કુપોષિત બાળકોને શોધી કાઢવા માટે ચોથા તબક્કામાં આરોગ્યતંત્ર દ્વારા હાથ ધરાયેલ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ૩૮૯૮ કુપોષિત બાળકોને સોધી કાઢવામાં આવ્યા છે. જયારે ૨૭૬૯૨ બાળકો ઉંમરના પ્રમાણમાં ઉંચાઈ અને વજન નહિ ધરાવતા હોવાના (ઠીંગણા) બાળકો શોધી કાઢવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧,૫૫,૮૦૧ બાળકો ચોથા રાઉન્ડમાં તપાસવાના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં ૯૮,૭૬૮ બાળકોનું સ્ક્રીનીંગ પૂર્ણ થઈ ગયુ છે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં અતિકુપોષિત બાળકો ૧૯૯ મળી આવ્યા છે જે તપાસેલ બાળકોની તુલનામાં ૦.૪૧ ટકા જેટલા થાય છે.

આ ૧૯૯ બાળકો જે અતિકુપોષિત મળી આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકામાંથી ૬૪, કલોલમાંથી ૫૦, દહેગામમાંથી ૫૫ અને માણસામાંથી ૩૦ બાળકો મળી આવ્યા છે. જ્યારે કુપોષિત બાળકો ૩૬૯૯ મળ્યા છે જેમાં માણસામાં ૨૧૧૮, કલોલમાંથી ૮૬૪, ગાંધીનગરમાંથી ૫૨૪ અને દહેગામમાંથી ૧૯૩ બાળકો મળી આવ્યા છે. આ બાળકો ટકાવારીમાં જોઈએ તો તપાસેલા બાળકોની સામે ૭.૫૬ ટકા જેટલા થવા જાય છે.

જિલ્લામાં ૨૭,૬૯૨ બાળકો ઉંમરના પ્રમાણમાં ઉંચાઈ અને વજન નથી ધરાવતા તેમજ ઠીંગણા જણાયા છે જે તપાસેલા બાળકોની ટકાવારીમાં જોઈએ તો ૧૭ ટકા જેટલા થવા જાય છે.

જિલ્લામાં કુપોષણ મુક્તિ માટે આખુ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. જે બાળકો કુપોષિત જણાયા છે તેમને પોષણયુક્ત બનાવવા માટે ૧૩૨ બાળકોને તો ખાસ સારવાર પણ આપવામાં આવી છે અને તેના સારા પરિણામો મળ્યા હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# ટ્રાફિક નિયમ તોડતાં નાગરિકોને મહિલા પોલીસે રાખડી બાંધી

શહેરમાં છેલ્લા લાંબા સમયથી ટ્રાફિક નિયમનની કામગીરી માટે ટ્રાફિક પોલીસ અને અમ્યુકો સત્તાવાળાઓ દ્વારા અસરકારક ઝુંબેશ ચલાવી રહ્યા છે પરંતુ હજુ કેટલાક વાહનચાલકો અને નાગરિકો ટ્રાફિકના નિયમના પાલનમાં અવગણના કરી રહ્યા હોઈ આજે રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે અમદાવાદ અને રાજકોટમાં ટ્રાફિક પોલીસ દ્વારા અનોખો પ્રયોગ કરવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ કે સીટબેલ્ટ બાંધ્યા વિના ટુ વ્હીલર કે ફોર વ્હીલર વાહન ચલાવનાર નાગરિકોને દંડ ફટકારવાને બદલે મહિલા ટ્રાફિક પોલીસ કર્મી દ્વારા આવા નાગરિકોના હાથમાં રાખડી બાંધવામાં આવી હતી અને તેમની પાસે ટ્રાફિક નિયમનના પાલન માટે સંકલ્પ લેવડાવ્યો હતો. ખુદ મહિલા ટ્રાફિક પોલીસ દ્વારા રાખડી બાંધી વાહનચાલક ભાઈને હૃદયસ્પર્શી અનુરોધ કરાતાં ખુદ વાહનચાલકોએ ટ્રાફિક પોલીસના આ નવતર પ્રયોગની પ્રશંસા કરી હતી અને હવેથી ટ્રાફિક નિયમોનું પાલન કરવાના સંકલ્પ પણ લીધા હતા. ટ્રાફિક પોલીસની આજની આ અનોખી ઝુંબેશને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો અને લોકોને તેની ભારોભાર પ્રશંસા પણ કરી હતી. અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે રક્ષાબંધનનું પર્વ ઉજવાઈ રહ્યું છે ત્યારે વાહનચાલકોની રક્ષા કરવા ટ્રાફિક પોલીસે બે દિવસથી અનોખો નવતર પ્રયોગ શરૂ કર્યો હતો, જેમાં હેલ્મેટ કે બેલ્ટ બાંધ્યા વગર ટુ વ્હીલર કે ફોર વ્હીલર કાર ચલાવનારને દંડને બદલે મહિલા ટ્રાફિક પોલીસ દ્વારા રાખડી બાંધીને ચાલકની સુરક્ષાની કામના માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com